શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ ઓફીસ,**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**ફોન નંબર : (૦૭૯) ૨૩૨૩૪૯૩૯**
**ઈમેલ : ssamstatett@gmail.com**

**પત્રકમાંક : એસએસએ/QEM/૨૦૨૦/** ૨૨૯૩૩-૨૨૦૦૮ **તા. ૨૯/૭/૨૦૨૦**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા પ્રોજેકટ ઓફીસ, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા : તમામ.**
**એડી.જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી,**
**સમગ્ર શિક્ષા : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન.**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધકારીશ્રીની કચેરી**
**જિલ્લા તમામ.**

**વિષય : વર્ષ : ૨૦૧૯–૨૦માં પ્રથમ તબકકામાં સરકારી શાળાઓમાં કાર્યાન્વીત કરવામાં આવેલ પર્યાવરણ પ્રયોગશાળા વર્ષ : ૨૦૨૦–૨૧માં ચાલુ રાખવા અંગે.**
**સંદર્ભ : અત્રેનો પત્રક્રમાંક : એસએસએ/P&Mo/૨૦૧૯/૩૮૮૭૧–૯૪૪ તા.૯.૧૧.૧૯**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ : ૨૦૧૯–૨૦માં પ્રથમ તબકકામાં રાજયની ૬૧૨૩ સરકારી શાળાઓમાં કાર્યાન્વીત કરવામાં આવેલ પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિઓ વર્ષ : ૨૦૨૦–૨૧માં પણ ચાલુ રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

સંદર્ભ પત્રથી ગત વર્ષ : ૨૦૧૯–૨૦માં પત્ર સાથે સામેલ યાદી મુજબની રાજયની ૬૧૨૩ સરકારી શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૧.૧૦.૧૯ના ઠરાવમાં દર્શાવેલ બાબતોને ધ્યાને લઈ પર્યાવરણ પ્રયોગશાળા શરૂ કરવામાં આવેલ છે. પર્યાવરણ પ્રયોગશાળા માટે જોડાયેલ શાળાઓમાં અસરકારક કામગીરી થઈ શકે તે માટે દરેક શાળામાં એક શિક્ષકશ્રીને નોડલ શિક્ષક તરીકેની કામગીરી સોંપવામાં આવેલ છે તેમજ નોડલ શિક્ષક અને આચાર્યશ્રીને બાયસેગ સ્ટુડીયોના માધ્યમથી તાલીમ આપવામાં આવેલ છે.

પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત વર્ષ : ૨૦૧૯–૨૦માં થયેલ કામગીરી અનુસાર વર્ષ : ૨૦૨૦–૨૧માં પણ કામગીરી થતી રહે તે આવશ્યક છે. હાલની ચોમાસાની સીઝનમાં પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત શાળા કક્ષાએ નિર્માણ પામેલ નર્સરી, વાવણી થયેલ છોડ, વૃક્ષોનું જતન થવું પણ અત્યંત આવશ્યક છે.

ઉપરોકત બાબતો અને પ્રવર્તમાન મહામારીના સંજોગોને ધ્યાને લઈ, હાલમાં પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત આ સાથે સામેલ પ્રવૃત્તિઓ જેવી પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ જરૂરી તકેદારીને આધિન હાથ ધરવા આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ પર્યાવરણ પ્રયોગશાળા સાથે જોડાયેલ શાળાઓને આપવા જણાવવામાં આવે છે.

**બિડાણ :** પર્યાવરણ પ્રયોગશાળા
અંતર્ગત થઈ શકે તેવી પ્રવૃત્તિઓ

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી**

**સચિવ અને ઓઆઈસી કયુઈએમ**
**એસ.પી.ઓ., એસ.એસ.એ, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :**
– માન.સચિવશ્રી,(પ્રા.શિ. અને મા.શિ.), બ્લોક નં.૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર
– માન.એસપીડીશ્રી, સદર કચેરી
– માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧માળ, જુના સચિવાલય, ગાંધીનગર
– માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં–૧૨/૧ માળ, જુના સચિવાલય, ગાંધીનગર
– માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

## પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત થઇ શકે તેવી પ્રવૃતિઓ

હાલના સંજોગોમાં રાજ્યમાંથી જે શાળાઓ 'પર્યાવરણ પ્રયોગશાળા'માં પસંદ થયેલ છે તે શાળાઓ નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરી શકે:

1. શાળામાં પર્યાવરણ પ્રયોગશાળા માટેના અભ્યાસક્રમની માસવાર પ્રવૃતિઓ આપેલ છે તેમાં અપાયેલ પ્રકલ્પ(પ્રોજેક્ટ) વિદ્યાર્થીઓ ઘરે બેઠા કરી શકે તેવી સુચના આપી શકાય. આ પ્રવૃતિઓ એકદમ સ્વૈચ્છિક હોવી જોઇએ અને તેમાં આપેલ સામગ્રી પણ સરળતાથી મળી શકે તેવી હોય તેની કાળજી રાખવી જોઈએ.
2. શાળામાં સીડબેંક અંતર્ગત વિદ્યાર્થીઓએ એકત્ર કરેલ જે બીજ હોય તેને શાળા પરિસરમાં શિક્ષક દ્વારા રોપણી થઈ શકે.
3. ગત વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા રોપવામાં આવેલ છોડની કાળજી શિક્ષક દ્વારા હાલમાં લઇ શકાય.
4. શાળામાં અન્ય શિક્ષકોની મદદ વડે પર્યાવરણ પ્રયોગશાળા સંભાળતા શિક્ષક વરસાદના માહોલને ધ્યાને લઇ શાળામાં વૃક્ષારોપણ કરી શકાય.
5. વિદ્યાર્થીઓ પોતાના ઘરે સાનુકૂળ જગ્યામાં છોડનું વાવેતર કરે તેવું માર્ગદર્શન આપી શકાય.
6. શાળામાં ફૂલછોડ, ઔષધી, શાકભાજી અને છોડની રોપણી કરી શકાય.
7. જે શાળાઓ આ વર્ષે ઔષધ નર્સરી તરીકે પસંદ પામેલ છે તે શાળાના શિક્ષક દ્વારા નિયમ મુજબની જગ્યામાં નર્સરી નિર્માણ કરી તેની દેખરેખ રાખવી.
8. હાલમાં થતા હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે મોબાઈલ વડે વાતચીત થતી હોય તો તેઓ પોતાના વિદ્યાર્થીઓને પર્યાવરણ અંતર્ગત વિવિધ મોડેલ્સ નિર્માણ કરવા માટે મદદ કરી શકે. આ પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીઓને પૂરતી સમજ આપી પર્યાવરણ પ્રયોગશાળાના અભ્યાસક્રમ મુજબના શક્યત: મોડેલ નિર્માણ કરાવી શકાય.
9. હાલમાં શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ પ્રતિબંધ હોવાથી ધોરણ ૩ થી ૫નાં વિદ્યાર્થીઓને પર્યાવરણ વિષય સંદર્ભે ઘરે બેસીને થઇ શકે તેવા સામાન્ય અને સરળ પ્રયોગોની સમજ આપતા વિડીઓઝ નિર્માણ કરી પર્યાવરણ પ્રયોગશાળાના પોર્ટલ અને કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરની યુ-ટ્યુબ પર અપલોડ કરી શકાય.
10. આ વર્ષના અભ્યાસક્રમમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા શું-શું થઇ શકે તે માટેની ગાઈડલાઈન શિક્ષક દ્વારા નિર્માણ થઇ શકે.
11. ગત વર્ષે રાજ્ય તરફથી અપવામાં આવેલ સરગવાના બીજ જમા હોય તેને આ વર્ષે શાળામાં યોગ્ય જગ્યાએ વાવી શકાય.
12. આ સમય દરમ્યાન જે શાળાઓએ પર્યાવરણ પ્રયોગશાળામાં કોઈ પ્રયોગો કર્યા હોય તે અને અન્ય નવાચારી બાબતોનું સંકલન કરી તેને પર્યાવરણ પ્રયોગશાળાના પોર્ટલ પર અપલોડ કરી શકાય.
13. ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાળામાં થયેલ પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃતિઓનું સંકલન કરતો એક રીપોર્ટ નિર્માણ કરી શકાય.
14. ઉપરોક્ત પ્રવૃતિઓ સિવાય અન્ય એવી પ્રવૃતિઓ પણ કરી શકાય જેમાં હાલની પરિસ્થિતિના નિયમોનો ભંગ થતો નાં હોય.